# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/047 Dt. 16/07/2025

તંત્રીશ્રી, ________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બરની લેડીઝ વીંગે ટેકનોલોજી ક્ષેત્રે વ્યવસાય વૃદ્ધિ માટે ગ્રીન લેબ ડાયમંડ એલએલપીની ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ લીધી

## આધુનિક દુનિયામાં બદલાતી ટેકનોલોજીમાં મહિલા સાહસિકો કેવી રીતે બિઝનેસને ટકાવી શકે તે હેતુથી ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ ગોઠવાઇ હતી

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના લેડીઝ વીગના ચેરપર્સન શ્રીમતી મયુરીબેન મેવાવાલા, વાઇસ ચેરપર્સન શ્રીમતી અલ્પાબેન મદ્રાસી સહિત ૫૦થી વધુ મહિલા સાહસિકોએ શુક્રવાર, તા. ૧૧ જુલાઇ ૨૦૨૫ના રોજ સુરત ખાતે ગ્રીન લેબ ડાયમંડ એલએલપીની ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ લીધી હતી.

ચેમ્બરના લેડીઝ વીગના ચેરપર્સન શ્રીમતી મયુરીબેન મેવાવાલાએ જણાવ્યું હતું કે, આધુનિક દુનિયામાં બદલાતી ટેકનોલોજીમાં મહિલા સાહસિકો કેવી રીતે બિઝનેસને ટકાવી શકે તે હેતુથી આ ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ ગોઠવાઇ હતી. મહિલા ઉદ્યોગ સાહસિકો પ્રેક્ટિકલ રીતે અદ્યતન ટેકનોલોજી, મેન્યુફેકચરિંગ પ્રક્રિયા અને વિઝનથી અવગત થાય અને પોતાના વ્યવસાયમાં તેનો અમલ કરી શકે તે માટે આ ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ મહત્વપુર્ણ સાબિત થઇ હતી.

આ વિઝીટ દરમિયાન કંપનીના પ્રતિનિધિ દ્વારા લેબ ગ્રોન ડાયમંડના ઉત્પાદનની પ્રક્રિયા, ટેકનોલોજીકલ ઇનોવેશન, કવોલિટી કંટ્રોલ અને આંતરરાષ્ટ્રીય બજારની માંગ અંગે મહિલા સાહસિકોને વિસ્તૃતપણે માહિતગાર કરવામાં આવ્યા હતા. મહિલા સાહસિકોએ વિવિધ મશીનો પર થતા કાર્ય અને ઓપરેશનલ મેનેજમેન્ટ જોઈ

આધુનિક ઉદ્યોગ વ્યવસ્થાનો નિકટથી અનુભવ કર્યો હતો. સાથે સાથે તેઓએ ટેકનોલોજીના ઉપયોગથી વિદેશી બજારમાં વધતી માંગને પહોંચી વળવા માટે ઉત્પાદનની રણનીતિ વિશે પણ માહિતી મેળવી હતી.

ખાસ કરીને મહિલા સાહસિકોએ ગર્વ અનુભવ્યો હતો કે, અયોધ્યામાં પ્રભુ શ્રી રામ લલ્લાના ભવ્ય સુવર્ણ મુકુટમાં જે સીવીડી લેબ ગ્રોન ડાયમંડ્સ છે, તેનું નિર્માણ ગ્રીનલેબ ડાયમંડસ ખાતે જ થયું છે, જે સુરત માટે ગૌરવ લેવા જેવી બાબત છે. આ ઘટના માત્ર સુરતના ઉદ્યોગની ક્ષમતા દર્શાવે છે એટલું જ નહીં, પણ ભારતમાં ટેકનોલોજી અને આધ્યાત્મિકતાને એકસાથે જોડવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.